# સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ ટ્રેન

## ટૂંકી નોંધ

**‘સાયન્સ એક્સપ્રેસ’એ વિશિષ્ટ પ્રકારની 16 વાતાનુકુલીત કોચ ધરાવતી રેલગાડીમાં મઢેલું એક અનોખુ ફરતું પ્રદર્શન છે જે ઓકટોબર 2007 થી ભારતભરમાં પ્રવાસ કરી રહી છે. ભારતમાં ચાર તબક્કાના સફળ પ્રવાસ બાદ, ‘ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી’ અને ‘મિનિસ્ટ્રી ઓફ એનવાર્યનમેન્ટ એન્ડ ફોરેસ્ટ્સ’, ભારત સરકારના અજોડ સહિયારા સાહસનું આ પ્રતિકાત્મક પ્રદર્શન ‘સાયન્સ એક્સપ્રેસ – બાયોડાવર્સિટી સ્પેશિયલ (SEBS)’ તરીકે વર્ષ 2012થી ચાલી રહ્યું છે.**

**દિલ્હીના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી શીલા દિક્ષીત, ભૂતપૂર્વ રેલ્વે મંત્રી શ્રી પવનકુમાર બંસલ તથા પર્યાવરણ અને વન વિભાગના મંત્રી શ્રીમતી જ્યંતિ નટરાજનના હસ્તે 9 એપ્રિલ 2013ના રોજ SEBS 2013 નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન 9 એપ્રિલથી 28 ઓકટોબર 2013ના વર્તમાન તબક્કામાં 62 સ્થળોએ ફરશે. સામાન્ય રીતે આ પ્રદર્શન મુલાકાતીઓ માટે દરેક સ્થળોએ લગભગ 3-4 દિવસ માટે ખુલ્લુ મુકવામાં આવે છે.**

**સાયન્સ એક્સપ્રેસ પ્રદર્શન ટ્રેને ઓકટોબર 2007 એટલે કે એની શરુઆતથી અત્યાર સુધીમાં ભારતભરમાં 98,000 કિમી.નો પ્રવાસ કર્યો છે. સાયન્સ એક્સપ્રેસએ 103 લાખથી વધારે મુલાકાતીઓ, 320 સ્થળો અને 1155 પ્રદર્શન દિવસો સાથેનું ભારતનું મોટામાં મોટું, લાંબુ અને સૌથી વધારે લોકોએ મુલાકાત લીધેલું અને ઘણા વિક્રમો સ્થાપનાર પ્રદર્શન છે.**

**સંયુકત રાષ્ટ્રસંઘે 2011-2020નાં વર્તમાન દસકાને જૈવવિવિધતા અને રણ તથા રણ નાબૂદી વિરુધ્ધ લડતનો દસકો જાહેર કર્યો છે. આથી, સાયન્સ એક્સપ્રેસ-બાયોડાવર્સિટી સ્પેશિયલ ટ્રેન મુખ્યત્વે જૈવવિવિધતા વિષયનો ઉદ્દેશ કરે છે. COP 11 નાં બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ભારતે વર્ષ 2012માં COP 11 થી CBDનું આયોજન હૈદરાબાદ અને SEBS 2012માં કર્યું હતું. આ મહાસંમેલનના ભાગરૂપે આ ટ્રેને ભારતની જૈવવિવિધતાની વિશાળ હારમાળા અને તેના સંરક્ષણ માટે કરવામાં આવતા પ્રયાસને વિશ્વનાં લોકો સમક્ષ દર્શાવ્યો હતો.**

**SEBS પરના પ્રદર્શનનો મુખ્ય હેતુ સમાજના વિવિધ ભાગો, ખાસ કરીને વિદ્યાર્થીઓમાં ભારતની જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન અને એવા બીજા મુદ્દાઓ વિષે જાગરૂકતા પેદા કરવા માટેનો છે. આમ, શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો વધારે પ્રમાણમાં આ પ્રદર્શનની મુલાકાત લે એ એનો મુખ્ય ધ્યેય છે.**

**SEBSના 16 કોચમાંથી 8 કોચના સમર્થક MoEF છે જે કેવળ ભારતના જીવભૂગોળ પ્રદેશના અસંખ્ય જૈવવિવિધતા વિસ્તારને સમર્પિત છે જેમાં હિમાલય, મેદાન, ઉત્તર પૂર્વ ભારત, રણ અને અંશતઃ શુષ્ક વિસ્તાર, પશ્ચિમ ઘાટ, દરિયાકાંઠા અને ટાપુઓનો સમાવેશ થાય છે. આ પ્રદર્શનમાં કુદરતી પર્યાવરણના સંરક્ષણ ઉપરાંત દરિયા, દરિયાકાંઠા, જંગલ, સૂક્ષ્મજીવ અથવા વનસ્પતિ, કૃષિ જૈવવિવિધતા અને તેને સંલગ્ન આહાર વગેરે જેવા પાસાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.**

બાકીનાં કોચમાંથી એકમાં આબોહવા પરિવર્તન, જૈવવિવિધતા અને પાણી વિષેનું પ્રદર્શન છે. બીજા એક કોચમાં 'ગ્રીન ટેકનોલોજીસ' અને આબોહવા પરિવર્તનનાં પ્રદર્શન રાખેલાં છે. આ ઉપરાંત બીજા એક કોચમાં ઊર્જા સંરક્ષણના પ્રદર્શન રાખેલા છે. એક કોચમાં બાળકો માટેનો વિભાગ બનાવવામાં આવ્યો છે જેમાં બાળકોને સંતોષ થાય એવી વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણને લગતી ભરપૂર આનંદ આપતી પ્રવૃત્તિઓ, રમતો અને કોયડાઓ રાખેલાં છે.

આ ઉપરાંત એક કોચમાં ખૂબ લોકપ્રિય એવી 'વિજ્ઞાનનો આનંદ' (Joy of Science) પ્રયોગશાળા ઉભી કરાઈ છે. આ પ્રવૃત્તિલક્ષી પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓ જુદા જુદા પ્રયોગો અને પ્રવૃત્તિઓ જાતે કરીને જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન, પર્યાવરણ, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોની વિવિધ સંકલ્પનાઓની સમજ શોધની શૈલીથી મેળવે છે. આ કોચમાં શિક્ષકો માટે તાલીમની સગવડ કરવામાં આવી છે. શિક્ષણ ખાતાઓ અને શાળાઓને શિક્ષકોનાં ઓપનિર્માણ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. આ કાર્યક્રમની વધુ વિગતો અને નોંધણી માટે ટ્રેન પરના મેનેજરનો સંપર્ક સાધવો.

સાયન્સ એક્સપ્રેસના દરેક મુકામ વખતે દરેક ઉંમરના મુલાકાતીઓને સાયન્સ એક્સપ્રેસનો સંદેશ બરાબર પહોંચે તે માટે કઈ પ્રવૃત્તિઓ કરવી તે માટેનું આગોતરું આયોજન કરવામાં આવે છે. આમાં સ્ટેશનના પ્લેટફોર્મ પર કરવાની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સ્થાનિક શાળાઓ અને સંસ્થાઓમાં કરવામાં આવનાર પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે. MoEFના NEAC અને NGC જેવા કાર્યક્રમોને સંલગ્ન શાળાઓ અને સંસ્થાઓ પણ કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ કરવામાં મદદ કરે છે. આ ઉપરાંત મુલાકાતીઓમાં તેમજ શાળાઓ કે સંસ્થાઓમાં માહિતીપ્રદ સામગ્રીનું બહોળા પ્રમાણમાં વિતરણ પણ કરવામાં આવે છે.

પ્રદર્શન ઉભુ કરવામાં ફાળો આપનાર જ્ઞાન ભાગીદારો અને તજજ્ઞોનો સખત પરિશ્રમ આખાએ પ્રદર્શનમાં પ્રતિબિંબિત થાય છે. MoEF અને DSTના સહપ્રયાસથી આ જૈવવિવિધતાનું પ્રદર્શન સાકાર થયું છે. અમદાવાદનાં પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE) અને વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર (VASCSC)એ અન્ય સંસ્થાઓની ભાગીદારી સાથે આ પૈડાં પરનું અનોખુ પ્રદર્શન વિકસાવ્યું છે. HSBC, UL India અને ઈન્ડસ ટાવર્સ આ સર્વેએ આ પ્રદર્શન અને તેની પૂરક પ્રવૃત્તિઓમાં સહયોગ આપ્યો છે.

સાયન્સ એક્સપ્રેસને ભારતભરમાં લઈ જવાના સંયોજનનું કાર્ય DST એ VASCSCને સોંપ્યું છે. ઉચ્ચ લાયકાત ધરાવતા અને તાલીમ પામેલા અભિપ્રેરિત વિજ્ઞાન પ્રશિક્ષકોની ટ્રેનમાં પ્રવાસ કરતી VASCSCની ટીમ આ પ્રદર્શનમાંના નમૂનાઓ વિશે સ્પષ્ટ સમજ આપે છે, મુલાકાતીઓ દ્વારા પૂછાતા પ્રશ્નોના જવાબ આપે છે, વિવિધ પૂરક પ્રવૃત્તિઓ કરાવે છે અને આમ મુલાકાતીઓને માટે પ્રદર્શન જોવું સુગમ બનાવે છે.

પ્રદર્શનની મુલાકાત દરેક વ્યકિત લઈ શકે છે પરંતુ મુખ્યત્વે તે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને લક્ષમાં લઈને વિકસાવાયું છે. વધુ માહિતી www.sciencexpress.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

પ્રદર્શનની મુલાકાત માટે કે અન્ય કોઈ પ્રશ્ન માટે sciencexpress@gmail.com પર ઈ-મેઈલ કરો અથવા ટ્રેન પરના પ્રોજેકટ મેનેજરનો સંપર્ક સાધો (મોબાઈલ : 09428405407). શાળાના વિદ્યાર્થીઓ 25 – 25ના જુથમાં અગાઉથી નોંધણી કરાવી 'વિજ્ઞાનનો આનંદ' પ્રયોગશાળા (JOS) માં ભાગ લઈ શકે છે. 'વિજ્ઞાનનો આનંદ' પ્રયોગશાળામાં ભાગ લેવા માટે અથવા શિક્ષકોની તાલીમ

**માટે** vascsc.jos@gmail.com **પર ઈ-મેઈલ કરો અથવા તો પ્રયોગશાળાના મેનેજરનો સંપર્ક કરો (મોબાઈલ :** 09428405408**).**

**સાયન્સ એક્સપ્રેસની ટીમ આ પ્રતિષ્ઠિત પ્રદર્શનની મોટા પાયે પ્રસિદ્ધિ માટે પ્રચાર માધ્યમો, લાગતાં વળગતાં વિભાગો, સંસ્થાઓ અને વ્યકિતઓના સહકારની અપેક્ષા રાખે છે, જેથી કરીને મોટી સંખ્યામાં મુલાકાતીઓ એનો લાભ લે અને કાર્યક્રમને ભવ્ય સફળતા મળે.**

**નોંધ :**

- **પ્રદર્શન દરેક માટે ખુલ્લું છે અને કોઈ પ્રવેશ ફી નથી.**
- **સાયન્સ એક્સપ્રેસમાં મોબાઈલ, કેમેરા, થેલા, દિવાસળીની પેટી, સિગારેટ, બીડી, તમાકુ, પાણીની બોટલો કે અન્ય કોઈ પ્રવાહી અને કોઈપણ ધારદાર વસ્તુઓ લઈ જવાની મનાઈ છે.**
- **સ્થળ : જે તે શહેરનું રેલ્વે સ્ટેશન**
- **પ્રદર્શન સમય : સવારે** 10:00 **કલાકથી સાંજના** 5:00 **કલાક સુધી**
- **મુકામોની તારીખ માટે સાયન્સ એક્સપ્રેસનું સમયપત્રક જોવું.**
- **મુલાકાતીઓએ લાંબી લાઈનમાં પ્રતિક્ષા કરવાની શકયતા હોઈ પીવાનું પાણી તથા ટોપી સાથે રાખવી હિતાવહ છે.**